અપીલ અરજી નં.૧૮૨ તા.૯–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રીમોહમદ યુનુસ મોહમદબીલાલ સેલવાલા
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ***– આરટીઆઈ એકટ હેઠળ શ્રીમોહમદ યુનુસ મોહમદબીલાલ સેલવાલાની તા.૧૮–૬–૦૯ ની અરજીથી મિલ્કત નં.૭/૩૦૧૭ માં કહેવાતી" ન્યુ જીન્સકોર્નર" નામની સંસ્થાનું વર્ષ ૧૯૯૧ થી ૨૦૦૫ દરમ્યાન કોઈ ગુમાસ્તાધારાનું લાયસન્સ એસ.એમ.સી ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ છે? જો આપવામાં આવેલ હોય તો લાયસન્સ નંબર, માલિકનું નામ, ઈસ્યુ કર્યાનું વર્ષ/તારીખ, વેપારની વિગત ઈસ્યુ કરાયેલ લાયસન્સની કોપી. લાયસન્સ અપાયેલ હોયતો તેનું શું સ્ટેટસ છે. લાયસન્સ અપાયુ હોય તો જે આધાર/પુરાવાથી ઈસ્યુ થયુ હોય તો તેની નકલ વિગેરે માહિતી આપવા બાબત.

***સંદર્ભ***ઃ–અરજદાર મજકુરની તા.૯–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૮૨/૨૦૦૯–૧૦

શ્રી મોહમદયુનુસ મોહમદબીલાલ સેલવાલાની તા.૧૮–૬–૦૯ ની અરજીથી મિલ્કત નં.૭/૩૦૧૭ માં કહેવાતી" ન્યુ જીન્સકોર્નર " નામની સંસ્થાનું વર્ષ ૧૯૯૧ થી ૨૦૦૫ દરમ્યાન કોઈ ગુમાસ્તાધારાનું લાયસન્સ એસ.એમ.સીધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ છે? જો આપવામાં આવેલ હોય તો લાયસન્સ નંબર, માલિકનું નામ, ઈસ્યુ કર્યાનું વર્ષ/તારીખ, વેપારની વિગત ઈસ્યુ કરાયેલ લાયસન્સની કોપી. લયસન્સ અપાયેલ હોયતો તેનું શું સ્ટેટસ છે. લાયસન્સ અપાયુ હોય તો જે આધાર/પુરાવાથી ઈસ્યુ થયુ હોય તો તેની નકલ વિગેરે માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ગુમાસ્તાના પત્રથી જણાવેલ દસ્તાવેજી ફી ભરવા છતાં માહિતી મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૫૨ તા.૧૭–૯–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) તથા અરજદારને મુળ અરજીની નકલ ફી ભર્યાની વિગત તથા અપીલ અંગેના આધાર પુરાવા કે વાજબીપણાનું વિવરણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને માહિતી આપતો પત્ર નં.સી.ઝેડ/એસ.એન્ડ.ઈ./આ.નં.૨૦૦ તા.૧૪–૯–૦૯ ના પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે.તથા જાહેર માહિતી અધિકારી તરફથી સી.ઝેડ/એસ. એન્ડ.ઈ/આ.નં.૨૬૪ તા.૩–૧૦–૦૯ થી પુનઃ પૂરક માહિતી મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારને માહિતી પૂરી પાડવા માટે પાઠવેલ પત્ર નં.સી.ઝેડ/એસ.એન્ડ. ઈ./આ.નં.૨૦૦ તા.૧૪–૯–૦૯ ના પત્રની નકલ, માહિતી પૂરી પાડવા ફી ભરપાઈ અંગે પાઠવેલ પત્ર નં.સી.ઝેડ/એસડ એન્ડ.ઈ/ઓનં.૯૪ તા.૬–૭–૦૯ ના પત્રની નકલ, નમુના 'એ' નું ફોર્મ, મિલ્કત નં.૩૦૧૭ના લોકેશન ૦૭સી–૧૫–૦૫૬૧–૦–૦૦૧ડી ના નાણા ભર્યાની પહોંચની નકલ, ન્યુ ગારમેન્ટસમાંથી બીલ નં.૪૧૮૬ તા.૩૦–૬–૯૯ ના બીલની નકલ, મુળ અરજી તથા માહિતી મેળવ્યા અંગે રૂા.૬/– ભરપાઈ કરેલ તા.૧૨–૮–૦૯ ની રસીદ નં.૫૯૧૦૩ ની નકલ પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૮–૬–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય સંદર્ભે માંગવામાં આવેલી વિગતો જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં .૧(અ) માં ૭/૩૦૧૭ માં કહેવાતી (ન્યુ જીન્સ કોર્નર) સંસ્થાનું વર્ષ ૧૯૯૧ થી ૨૦૦૫ દરમ્યાન કોઈ ગુમાસ્તાધારા લાયસન્સ એસ. એમ.સી. ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ છે. તથા મુદ્દા નં.૧(બ) લાયસન્સ ઈસ્યુ થયેલ હોય તો તેના માલિકનું નામ, ઈસ્યુ કર્યાનું વર્ષ અને તારીખ, વેપારની વિગત ટુંકમાં તથા ગુમાસ્તાધારા લાયસન્સની વિગતની માંગણી કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીએ લાયસન્સ નંએસ/૭/૭૮૩૨ માલિકનું નામ નૂર મોહમદ જમાલભાઈ તેલવાળા નોંધણી તા.૫–૮–૯૯, વેપારની વિગત ટુંકમાં બાબતે કામકાજ રેડીમેઈડ કાપડ વેચવાને આધિન જાહેર માહિતી અધિકારીનો પત્ર નં.સી.ઝેડ/એસ.એન્ડ.ઈ/આ.નં.૨૦૦ તા.૧૪–૯–૦૯ થી આપેલ છે. મુદ્દા નં.૧(ક) ગુમાસ્તા લાયસન્સ અપાયેલ હોય તો શું સ્ટેટસ છે જે અંગે રેડીમેઈડ કાપડ વેચવાનો, મુદ્દા નં.૧(ડ) ગુમાસ્તા લાયસન્સ અપાયું હોય તો જે આધાર પુરાવા ઈસ્યુ થયા હોય તેની વિગત/નકલ જેવી રીતે કે ઉપજાવેલ કે ઉપસ્થિત કરાવેલ સંમતિપત્ર, વેરા રસીદ, કામકાજ સંદર્ભેનું બીલ વિગેરે ટુંકમાં ઉપજાવેલ પુરાવાની નકલ કે જેના આધારથી લાયસન્સ રીન્યુ થયું હોય દસ્તાવેજ અથવા બિફની નકલ આપવા બાબત. જે અંગે જાહેર માહિતી અધિકારીએ સંસ્થાની નોંધણી સાથે (૧) નમુના–'એ' (૨) વેરા રસીદ (૩) ખરીદીનું બીલ રજૂ કરવામાં આવેલ છે તેવી માહિતી તેના પાના નં.૧ થી ૩ સહિત અરજદારને આપવામાં આવેલ જણાય છે. અરજદારે અપીલ અરજીમાં જણાવેલ છે કે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૬–૭–૦૯ ના રોજ દસ્તાવેજ ફી ભરવા જણાવેલ. જે તેમણે તા.૧૨–૮–૦૯ ના રોજ ભરપાઈ કરેલ તેમ છતાં માહિતી મળેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સી.ઝેડ/એસ. એન્ડ.ઈ./આ.નં.૨૬૪ તા.૩–૧૦–૦૯ થી મોકલેલ વિશેષ પૂરક વિગતમાં તેમણે જણાવ્યા અનુસાર અરજદારે મીલેનીયમ માર્કેટના નાગરીક સુવિધા કેન્દ્રમાં દસ્તાવેજ ફી ના નાણા ભરપાઈ કરેલ તેની જાણ સેન્ટ્રલ ઝોન કચેરીએ કરવામાં આવેલ ન હતી. કે આ બાબતે જાણ કરતો પત્ર પણ મોકલાવેલ ન હતો પરંતુ આ બાબતે અરજદાર તરફથી તા.૧૧–૯–૦૯ ના રોજ નાણા ભરી રસીદ રજૂ કરી તા.૧૪–૯–૦૯ ના રોજ અરજદારને આધાર પુરાવા સહિતની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આરટીઆઈ કાયદાના આમુખ ધ્વારા પણ પારદર્શિતા અને જવાબદારીને જાહેર સત્તા મંડળની કામગીરીમાં ઉત્તેજન આપવા પર ભાર મુકવામાં આવેલ છે. કાયદાની કલમ–૭(૧) સાથે ૭(૩) અને ૭(૬) વંચાણે લેતાં નિયત સમય અવધિ બાદ માહિતી વિના મૂલ્યે પૂરી પાડવાની રહે છે. પ્રસ્તુત કેસમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૧૪–૯–૦૯ ના પત્રથી માહિતી આપ્યાનું જણાય છે જે સમય અવધિ બાદની જણાય છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ ડી. નં.૨૮૮ તા.૧૮–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી વિલંબથી આનુષાંગિક નકલ સહિતની અરજદારને પૂરી પાડવામાં આવેલ જણાવેલ છે. આથી અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખઃ –૧૦ – ૦૯

ડે.***કમિશનર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, (સેન્ટ્રલઝોન), ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રીમોહમદ યુનુસ મોહમદ બીલાલ